# India-Australia-Japan-United States Senior Officials Consultations

September 25, 2020

## ભારત-ઓસ્ટ્રેલિયા-જાપાન-યુનાઈટેડ સ્ટેટ્સનાં સીનિયર અધિકારીઓનાં પરામર્શો

સપ્ટેમ્બર 25, 2020

ભારતનાં વિદેશ મંત્રાલય, ઓસ્ટ્રેલિયાનાં વિદેશી બાબતો અને વ્યાપારનાં ડીપાર્ટમેન્ટ, જાપાનનાં વિદેશ મંત્રાલય અને યુનાઈટેડ સ્ટેટ્સનાં ડીપાર્ટમેન્ટ ઑઉ સ્ટેટનાં સીનિયર અધિકારીઓએ સામાન્ય હિતનાં પ્રાંતિય અને વૈશ્વિક મુદ્દાઓ પર પરામર્શો કરવા માટે 25 સપ્ટેમ્બર 2020 નાં રોજ એક વિડીયો કોન્ફરન્સ યોજી હતી.

નવેમ્બર 2019 માં યોજાયેલી આવી અધિકૃત સ્તરની ચર્ચાઓનાં અને સપ્ટેમ્બર 2019 નાં મંત્રીઓનાં જોડાણનાં અનુસરણમાં, અધિકારીઓએ ઈન્ડો-પેસિફિક પ્રાંતમાં શાંતિ, સુરક્ષા, સ્થિરતા અને સમૃદ્ધિનો પ્રચાર કરવાનાં ધ્યેય સાથે આતંકવાદનો સામનો કરવો, સાયબર અને મેરિટાઈમ સુરક્ષા સહિત કનેક્ટીવિટી અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસ અને સુરક્ષાની બાબતોનાં ક્ષેત્રોમાં ચાલુ અને પ્રસ્તાવિત વ્યવહારું સહકાર પર દ્રષ્ટિકોણોનું આદાન-પ્રદાન કર્યું હતું.

ચાલું કોવિડ-19 વૈશ્વિક મહામારીનાં સંદર્ભમાં, પૂરવઠા સાંકળોની સ્થિતિસ્થાપકતા વધારવાની અને આ મહામારીનો સામનો કેવી રીતે કરવો તેનાં પરની શ્રેષ્ઠ પ્રથાઓનું આદાન-પ્રદાન કરવાની અગત્યતા પર ભાર મૂક્યો હતો.

અધિકારીઓએ સમાન મૂલ્યો અને સિદ્ધાંતો અને આંતરરાષ્ટ્રિય કાયદાનાં આધાર પર મૂક્ત, ખુલ્લા, સમૃદ્ધ અને સમાવેશક ઈન્ડો-પેસિફિક તરફની તેઓની કટિબદ્ધતાઓની પુનઃપુષ્ટિ કરી હતી.

અધિકારીઓએ ઈન્ડો-પેસિફિક માટે પ્રાંતિય સ્થાપત્યમાં ASEAN-કેન્દ્રિયતા અને ASEAN-યંત્રણાઓ ખાસ કરીને નેતાઓની આગેવાની ધરાવતા પૂર્વ એશિયા શિખર સંમેલન માટે તેઓનાં અડગ સમર્થનનું પુનઃઉચ્ચારણ કર્યું હતું અને ઈન્ડો-પેસિફિક માટે સામાન્ય અને વચન આપતા વિઝનને સાકાર કરવા તરફ ASEAN અને તમામ અન્ય દેશો સાથે કામ કરવાની તેઓની તત્પરતાઓનું પુનઃઉચ્ચારણ કર્યું હતું. તેઓએ ASEAN ની વિયેતનામની અધ્યક્ષતાની પ્રશંસા કરી હતી અને આ વર્ષે નવેમ્બરમાં 15માં પૂર્વ એશિયા શિખર સંમેલન તરફ મીટ માંડી હતી. અધિકારીઓ આ વર્ષનાં અંતમાં યોજાનાર મંત્રીઓનાં પરામર્શોની રાહ જોઈ રહ્યા છે.

**નવી દિલ્હી**
**સપ્ટેમ્બર 25, 2020**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA’s website and may be referred to as the official press release.